# ગુજરાત કેન્સર અને રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ

## તપાસ –સારવારમાં રાહત/ માફી માટેની વિવિધ યોજનાઓની માહિતી *

## માહિતીની જાણકારી માટે સંપર્ક : પૂછપરછ કેન્દ્ર (નવું બિલ્ડીંગ)

(૧) **આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ (PM JAY MA):** પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ (PM JAY MA) ના કાર્ડધારક તથા તે કાર્ડમાં સમાવિષ્ટ કુટુંબનાં સભ્યોને અત્રેની હોસ્પિટલમાં તપાસ–સારવારમાં વાર્ષિક પાંચ લાખ રૂપિયા (રૂ.૫,૦૦,૦૦૦) સુધીની માફી આપવામાં આવે છે. પી.એમ.જે.એ.વાય.-મા કાર્ડ (PM JAY MA card) બનાવવા માટે/ કાર્ડ એક્ટિવેટ કરાવવા માટે - દર્દી નું આધાર, રેશન કાર્ડ,આવક નો દાખલો રજૂ કરવાનાં રહેશે.

(૨) **આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM JAY OTHER STATE)**: પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM JAY OTHER STATE) ના કાર્ડધારક ને અત્રેની હોસ્પિટલમાં આ યોજના અંતર્ગત કેન્સર માટેની નિયત કરેલ તપાસ–સારવારમાં વાર્ષિક પાંચ લાખ રૂપિયા (રૂ.૫, ૦૦,૦૦૦) સુધીની માફી આપવામાં આવે છે. PM JAY કાર્ડ એક્ટિવેટ કરાવવા માટે - PM JAY કાર્ડ, દર્દી નું આધાર કાર્ડ, રેશન કાર્ડ / સમગ્ર આઈ ડી રજૂ કરવાનાં રહેશે.

(૩) **અનુસૂચિત જાતિ (SCHEDULED CASTE):** અનુ.જાતિ (SC) ના દર્દીઓએ જાતિનુ પ્રમાણપત્ર સમાજ કલ્યાણ અધિકારી/મામલતદાર/ટી.ડી.ઓ.નું તથા આવકનુ પ્રમાણપત્ર (રૂ.૧, ૫૦,૦૦૦ સુધીની વાર્ષિક આવકમાં ૧૦૦% તથા રૂ ૧, ૫૦,૦૦૦થી ઉપર ની વાર્ષિક આવકમાં ૫૦% રાહત માટે) મામલતદાર/ટી.ડી.ઓ./કલેકટર ઓફીસના સક્ષમ અધિકારીનુ રજુ કરવુ. આ સાથે રહેણાંકનાં પૂરાવા રજૂ કરવાનાં રહેશે (રેશનકાર્ડ, ઇલેક્શન કાર્ડ, આધાર કાર્ડ, લાઇટબીલ વગેરે)

(૪) **અનુસૂચિત જનજાતિ (SCHEDULED TRIBE):** અનુ.જનજાતિ (ST)ના દર્દી ઓએ જાતિનુ પ્રમાણપત્ર સમાજ કલ્યાણ અધિકારી/મામલતદાર /ટી.ડી.ઓ./ કલેકટર ઓફીસ ના સક્ષમ અધિકારીનુ રજૂ કરવુ. આ સાથે રહેણાંકનાં પૂરાવા રજૂ કરવાનાં રહેશે (રેશનકાર્ડ ,ઇલેક્શન કાર્ડ, આધાર કાર્ડ, લાઇટબીલ વગેરે)

(૫) **શાળા આરોગ્ય કાર્યક્રમ(SCHOOL HEALTH PROGRAMME):** સ્કુલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ રાહત મેળવવા સ્કુલ હેલ્થ પ્રોગ્રામ રાહત/માફીનો પત્ર અન્ય પુરાવા સાથે રજૂ કરવાનાં રહેશે.

(૬) **બીપીએલ સ્પેશિયલ :** ગુજરાતમાં રહેતા અને બીપીએલ કાર્ડ ધરાવતા દર્દીઓને PM JAY MA CARD જો નવું બનાવડાવવાનું હોય તો તેઓ ને તે દરમ્યાન એક મહીનાની મુદત માટે બીપીએલ કાર્ડ ઉપર માફી અપાશે. તેમજ અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / શાળા આરોગ્ય કાર્યક્રમના પુરાવા લાવે તે દરમ્યાન એક અઠવાડીયા માટે બીપીએલ કાર્ડ ઉપર માફી અપાશે

(૭) **એલ.આઇ.જી. 50% રાહત (LIG 50% free)** કુટુંબની વાર્ષિક આવક બે લાખ રૂપિયા (રૂ ૨,૦૦,૦૦૦) સુધીની હોય તેવા દર્દી ઓને મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/કલેકટર ઓફીસના સક્ષમ અધિકારીનો આવકનો દાખલો તથા હોસ્પિટલના નમુના પ્રમાણેનું એફિડેવીટ અને રહેણાંકનાં પૂરાવા રજુ કર્યા બાદ સારવારમાં ૫૦% રાહત આપવામાં આવે છે.

(૮) **ઈન્ડીયન કેન્સર સોસાયટી (INDIAN CANCER SOCIETY-ICS)** મટી શકે તેવા કેન્સરના દર્દી ઓ જેના કુટુંબની વાર્ષિક આવક ચાર લાખ રૂપિયા (રૂ.૪,૦૦,૦૦૦) સુધીની હોય તેને ઈંડિયન કેન્સર સોસાયટી,મુંબઇ તરફથી રૂ. ૫ લાખ (રૂ.૫,૦૦,૦૦૦/-) સુધીની તપાસ –સારવારમાં રાહત/માફી તેમજ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન માટે રૂ. ૮ લાખ (રૂ.૮,૦૦,૦૦૦/-) સુધીની રાહત મળી શકે તેમ છે. તે માટે આપને સારવાર આપતા ડોકટરશ્રીનો સંપર્ક કરવો.

(૯) **ઇ.એસ.આઇ.એસ. (E.S.I.S.):** ઇ.એસ.આઇ.એસ ના દર્દીઓએ સારવાર માટે રીફર ફોર્મ(Non EXIT) અને લાયઝન ઓફિસર (રૂમ નં.-૭૦) સિવિલ હોસ્પિટલ ઓ.પી.ડી.માંથી રીફર કરેલ કેસ રજુ કરવા.

(૧૦) કેદી **(PRISONER):** કેદી દર્દીએ સાથે જેલ સુપ્રિટેન્ડેન્ટનો સારવાર માટેનો ભલામણ પત્ર લાવવો જરૂરી છે .

(૧૧) **ગરીબ દર્દી સહાય(POOR PATIENT'S ASSISTANCE):** ઉપર્યુકતમાંથી કોઈપણ યોજના હેઠળ મફત સારવાર/સહાય મળવાપાત્ર ન હોય અને દર્દી ને સહાયની જરૂરિયાત હોય તો પ્રધાનમંત્રી /કેન્દ્રિય આરોગ્ય મંત્રી/ મુખ્યમંત્રી સહાય યોજનામાં અરજી કરવી.

(૧૨) **કંડલા પોર્ટ ટ્રસ્ટ, ઇસરો, રેલ્વે, ઓ.એન.જી.સી.** વગેરે જેના પોસ્ટ પેઇડ ની મંજૂરી હોય તેવા કર્મચારીઓએ જરૂરી રીફર ફોર્મ તથા પ્રમાણપત્ર સાથે એકાઉન્ટ ઓફિસમાં મળવુ.

(૧૩) નવા કેસના પ્રથમ દિવસે માફીની જરૂરિયાતવાળા દર્દીઓએ તેઓની તપાસ–સારવાર-દવામાં માફી માટે તેઓનાં યુનિટના વડા ડોકટરશ્રીની કેસમાં ભલામણ લખાવીને નિયામકશ્રીની સેક્રેટરીયલ ઓફિસમાં જવું. જેથી જરૂરિયાત પ્રમાણે યોગ્ય માફી કરવામા આવશે ત્યારબાદ અન્ય લાગુ પડતી માફી- રાહતની જરૂરી કાર્યવાહી અનુસરવાની રહેશે.

(૧૪) **રાષ્ટ્રીય આરોગ્ય નિધિ (RASHTRIYA AROGYA NIDHI (RAN):)** રાષ્ટ્રીય આરોગ્ય નિધિમાં બીપીએલ કાર્ડધારક તથા તે કાર્ડમાં સમાવિષ્ટ કુટુંબના સભ્યોને અત્રેની હોસ્પિટલમાં બે લાખ રૂપિયા (રૂ ૨,૦૦,૦૦૦) સુધીની માફી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય નવી દિલ્હી તરફથી આપવામાં આવે છે.આ સાથે બીપીએલ કાર્ડ, ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ તેમ જ મામલતદાર/ટી.ડી.ઓ./ કલેકટર ઓફીસ દ્વારા પ્રમાણિત આવકનું પ્રમાણપત્ર જરૂરી છે. તે માટે આપને સારવાર આપતા ડોકટરશ્રી નો સંપર્ક કરવો.

*** તપાસ–સારવારમાં રાહત/માફી માટેની વિવિધ યોજનાઓમાં સરકારશ્રી/સંસ્થા દ્વારા વખતોવખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ થતાં સુધારા-વધારાને માન્ય ગણવાનાં રહેશે.**

**Last updated: 01-04-2023**